ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



નીલેન્દુ વોરા
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર



જગદીશ પ્રજાપતિ
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭



વિશાલ અંબાલાલ મકવાણા
મો. ૮૭૩૫ ૮૭૧૪૦



બંસરી પ્રબોધ ચાવડા



શિવમ દિલીપકુમાર ઠાકોર

એફએસના ઉપક્રમે

# રશિયાનાં બે શિક્ષકો એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલની મુલાકાતે





## સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનની પણ બંને શિક્ષકોએ શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એફએસ અંતર્ગત રશિયન શિક્ષકોની મુલાકાત

એફએસના ઉપક્રમે કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની રશિયાનાં શિક્ષકોએ મુલાકાત લીધી હતી.

રશિયામાં કીરાઓવા રીજન ખાતે ફરજરત મારિયા કોરોલેવા જેઓ અંગ્રેજી વિષયનાં શિક્ષક છે અને જેમને ૨૦૧૬માં રશિયાનાં સર્વશ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર રાષ્ટ્રપતિ પુતીનના હસ્તે મૉસ્કો ખાતે આપવામાં આવ્યો હતો, તેમણે તથા જર્મન ભાષાનાં શિક્ષક શ્વેતલાના ઈવોનીનાએ એમ બી સ્કૂલની મુલાકાત લીધી હતી.

ભારત પ્રથમ વખત આવેલાં બંને શિક્ષકોએ ૪થી નવેમ્બરે દિલ્લી દર્શન કર્યું હતું અને તાજમહેલ પણ જોયો હતો. મંગળવારે તેમણે એમ બી પટેલ સ્કૂલની મુલાકાત લીધી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને તેમને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિશે માહિતી આપી હતી. બંને શિક્ષકો સ્કૂલની ચોખ્ખાઈ, અનુશાસન જોઈને પ્રભાવિત થયાં હતાં. અહીં સ્થાપિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના સ્થાપિત સંબંધોને તથા તેમના દ્વારા પોતાને આપવામાં આવેલા આદર સત્કારથી બંને શિક્ષકો ભાવવિભોર બની ગયાં હતાં. બંનેને સ્કૂલની વાર્ષિક પ્રવૃત્તિઓથી વાકેફ કરાવવામાં આવ્યાં હતાં અને તેમણે ક્લાસરૂમની મુલાકાત લઈ શિક્ષકો સાથે વાતચીત પણ કરી હતી.

મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ સાથે પણ આ બંને શિક્ષકોએ મુલાકાત કરી હતી. ચેરમેને પોતાને મંડળના સંચાલક તરીકે નહીં પરંતુ એક પરિવારજન તરીકે ગણાવી આ પરિવારના આજના સભ્યો એ ભૂતકાળમાં આ જ સંસ્થાના વિદ્યાર્થીઓ રહી ચૂક્યા હોવાની ગૌરવપૂર્ણ વાત તેમની સમક્ષ ઉજાગર કરી હતી. આર્થિક દૃષ્ટિએ નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે હેતુથી આ વિદ્યાસંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે અને અહીં સામાન્ય ફી ચૂકવીને પણ શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ અત્યાધુનિક શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે એ બાબત જાણી બંને વિદેશી શિક્ષકોનાં મનમાં સંસ્થા પ્રત્યે આદરભાવ જાગ્યો હતો.

વિવિધ કંપનીઝ અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપતી હોવાને કારણે અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરતાં જ સારી જૉબ પ્રાપ્ત થઈ શકે છે એ અંગેની માહિતી પણ ચેરમેન દ્વારા બંને શિક્ષકોને આપવામાં આવી હતી.

સંસ્થાના ઈતિહાસ, પ્રવૃત્તિ અને સામાજિક કાર્યો અંગે માહિતી પ્રાપ્ત કરીને બંને શિક્ષકોએ અહોભાવની લાગણી વ્યક્ત કરી હતી અને ચેરમેનને સંસ્થા વતી અભિનંદન પાઠવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા

# મૂક-બધિર વિદ્યાર્થીઓને પ્રવાસની ભેટ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કોલેજની સર્વ નેતૃત્વ ટીમના સભ્યો દ્વારા સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરના મૂક-બધિર બાળકો અને શિક્ષકો સાથે ૫૫ જેટલાં લોકોને સોમનાથ, ખોડલધામ (કાગવડ), જલારામ મંદિર (વીરપુર) તથા ચોટીલા જેવાં ધાર્મિક સ્થાનોની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. મૂક-બધિર બાળકોને પોતાનાં ભાઈ-બહેનની જેમ સાચવી નેતૃત્વ ટીમના સભ્યોએ તેમને હોંશે હોંશે પ્રવાસ કરાવ્યો હતો અને ભાવતાં ભોજન પણ કરાવ્યાં હતાં. આ સમાજકાર્યમાં તન્મય પટેલ, ઉમંગ બારોટ, અક્ષય, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મૌલિક, ધારા, ટ્વિંકલ, રાહુલ સુખડીયા, કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, સુરજ, કોમલ, કિંજલનો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.

## પારૂલ યુનિ.ની ૨૦૦ સીટો ભરવાનો હાઈકોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૭

પારૂલ યુનિવર્સિટી કેમ્પસમાં પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપથી એન્ડ રિસર્ચ અને પારૂલ યુનિ. ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચમાં ૧૦૦-૧૦૦ની સંખ્યા પ્રમાણે સીટો ભરવાનો આદેશ હાઈકોર્ટે કર્યો છે. યુનિવર્સિટી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, 'હાઈકોર્ટે યુનિવર્સિટી સ્તરે ઉક્ત સીટો ભરવાનો આદેશ કર્યો છે. સાથે જ એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસએ તેની વેબસાઈટ ઉપર સંબંધિત કોર્સ માટે અપાયેલી મંજૂરીની વિગતો દર્શાવવાની રહેશે. જે એડમિશન કમિટિની વેબસાઈટના હોમપેજ ઉપર મૂકી દેવામાં આવી છે.'

યુનિવર્સિટી દ્વારા તારીખ ચાર અને પાંચના રોજ ક્રમશઃ આયુર્વેદ અને હોમિયોપથીના કોર્સની બેઠકો પર પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી અરજી મંગાવવા માટેની જાહેરાત પણ માધ્યમોમાં આપી દેવાઈ હોવાનું જણાવવામાં આવ્યું છે. યાદીમાં જણાવવામાં આવ્યું છે.




(૧) ભારતે તાજેતરમાં કયા દેશને હરાવી મહિલા હૉકી વિશ્વ કપ જીત્યો છે?
(એ) ચીન
(બી) જાપાન
(સી) મલેશિયા
(ડી) સિંગાપુર

(૨) તાજેતરમાં કયા ભારતીય વ્યંજનને ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે?
(એ) દાલ બાટી (બી) ખિચડી
(સી) બિરયાની (ડી) ઢોસા

(૩) પીએમટી પેમેન્ટ્સ બેન્કે પોતાના સીએફઓ તરીકે કોની નિયુક્તિ કરી છે?
(એ) વિપુલ શર્મા (બી) એમ વેણુગોપાલ
(સી) સુધાંશુ જૈન (ડી) પ્રશાંત અરોડા

(૪) કઝાખિસ્તાને વર્ષ ૨૦૨૫ સુધીમાં પોતાના દેશનું નામ રુસી લિપિમાંથી બદલીને કઈ લિપિમાં રાખવાની યોજના બનાવી છે?
(એ) દેવનાગરી (બી) અરબી
(સી) ફ્રેન્ચ (ડી) લેટિન

(૫) પ્રથમ હેલી એક્સપો ઈન્ડિયા એન્ડ ઈન્ટરનેશનલ સિવિલ હેલીકોપ્ટર સંમેલન ક્યાં યોજાયું હતું?
(એ) દિલ્હી (બી) મુંબઈ
(સી) કોલકાતા (ડી) ગાંધીનગર

(૬) કાવેરી અંતર-રાજ્ય બેસિનની ઉત્પત્તિ કયા રાજ્યમાં થાય છે?
(એ) કેરલ (બી) કર્ણાટક
(સી) ઓડિશા (ડી) આંધ્રપ્રદેશ

(૭) તાજેતરમાં વિશ્વ યુવા ગોષ્ઠિ ૨૦૧૭નું આયોજન કયા દેશમાં થઈ રહ્યું છે?
(એ) જર્મની (બી) ઈટલી
(સી) ફ્રાન્સ (ડી) મિશ્ર

(૮) પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ પદે કોની વરણી કરાઈ છે?
(એ) શમિકા રવિ (બી) વિવેક દેબરોય
(સી) સુરજીત ભલ્લા (ડી) રતિન રોય

(૯) અમેરિકી ફેડરલ રિઝર્વ બેન્કના પ્રમુખપદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) રેક્સ ટિલર્સન (બી) મેક્સ પોવેલ
(સી) જેરોમ પાવેલ (ડી) જોની કેલી

(૧૦) ટપાલ ટિકિટ સંગ્રહને પ્રોત્સાહન આપવા માટે ટૅલિકોમ મંત્રાલયે કઈ યોજના શરૂ કરી છે?
(એ) શ્યામાપ્રસાદ મુખર્જી સ્પર્શ યોજના
(બી) વિવેકાનંદ સ્પર્શ યોજના
(સી) અટલબિહારી વાજપેયી સ્પર્શ યોજના
(ડી) દિનદયાળ સ્પર્શ યોજના

# સંબંધોમાં સહજતા, સહજ જીવન અને સહજ આનંદ




આજે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ પ્રકારના માનસિક તાણમાં જીવે છે. માનસિક તાણના પ્રવાહમાં વ્યક્તિ એટલી ખેંચાઈ રહી છે અને તણાઈ રહી છે કે તને તેમાથી બહાર નીકળવા માટે કિનારો જ નજરે ચડતો નથી. ક્યારેક કિનારો દેખાય છે તો લાખ પ્રયત્ન કરવા છતાં ત્યાં પહોંચી શકાતું નથી. વ્યક્તિ એક સાથે અનેક પ્રકારના તણાવ,માં જીવન વ્યતીત કરી રહી છે. આર્થિક તણાવ, શિક્ષણ અને કારકિર્દીને લગતા તણાવ, શારીરિક વ્યાધિને લગતા તણાવ, નોકરી અને વ્યવસાય ને લગતા તણાવ, રાજકીય અને ધાર્મિક તણાવ અને સંબંધોના તણાવ.

બાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર, અને શિક્ષિત-અશિક્ષિત સૌ કોઈ વ્યક્તિ માનસિક તાણ અનુભવે છે. વ્યક્તિના માનસિક તણાવનું એક મહત્વનુ કારણ વ્યક્તિ પોતાના જીવનનો લય ખોઈ બેઠી છે. નદી કે ઝરણાનો એકધારો પ્રવાહ વહેતો હોય ત્યારે તેમાથી સુમધુર પ્રાકૃતિક સંગીત ઉત્પન્ન થતું હોય છે. એ જ નદી કે ઝરણાના પ્રવાહમાં જ્યારે અડચણ પેદા થાય છે ત્યારે તેનો પ્રવાહ તૂટે છે, વમળો સર્જાય છે, લય તૂટે છે, સંગીત બેસૂરું બને છે અને સંગીતની લયબધ્ધતા છિન્ન-વિછિન્ન થઈ જાય છે. એવી જ રીતે વ્યક્તિનું લયબધ્ધ રીતે જીવાતું જીવન જ્યારે લય કે રિધમ ચૂકી જાય છે ત્યારે જીવનમાં તણાવ પેદા થાય છે અને વ્યક્તિ માનસિક તાણ અનુભવે છે.

વ્યક્તિના જીવનનો લય તૂટે છે ત્યારે વ્યક્તિનું જીવન સહજતા ખોઈ બેસે છે. જે જીવનમાં લય નથી એ જીવનમાં સહજતા નથી અને જે જીવનમાં સહજતા નથી એ જીવન તણાવ યુક્ત બની જાય છે. સહજ જીવન વ્યક્તિને માનસિક શાંતિ આપે છે.

શ્રીમદ ભગવત ગીતામાં સહજ કર્મ વિષે શ્રૂરી કૃષ્ણ એ ગાયું છે કે;

સહજ કર્મ કૌન્તેય સદોસમ
અપિ ન ત્યજેતૈં
સર્વારંમ્ભાઃ હિ દોષેણ ધુમેન
અગ્નિ ઈવ આવૃતૌં
(અધ્યાય ૧૮/૪૮)

શ્રીમદ ભગવદ ગીતામાં આ શ્લોક અને અન્ય શ્લોકોમાં પણ સહજ કર્મને ના ત્યજવાનો, સહજ જીવન જીવવાનો, સહજવૃતિ અને સહજ વ્યવહારનો મહિમા ગાયો છે. આ શ્લોકમાં તો એવું પણ કહ્યું છે કે સહજ કર્મમાં કેટલાક દોષ હોય તો પણ તેને ના ત્યજવું જોઈએ. જેમ કે અગ્નિનું સહજ કર્મ બળવાનું છે અને તેમાથી દોષ રૂપ ધુમાડો નીકળે છે છતાં અગ્નિ પોતાના સહજ કર્મનો ત્યાગ નથી કરતો.



સહજ જીવન એટલે ઈશ્વરે આપેલું પ્રકૃતિદત જીવન. પ્રત્યેક વ્યક્તિ પોતાની એક આગવી પ્રકૃતી સાથે જન્મ લે છે. વ્યક્તિનો એક જન્મગત સ્વભાવ હોય છે એ જ સ્વભાવ કે પ્રકૃતિને વળગી રહીને જીવન જીવવું એટલે સહજ જીવન.

વ્યક્તિના જીવાતા જીવનનો જો લય ના તૂટે તો વ્યક્તિ સહજ રીતે પોતાનું જીવન જીવી શકે. વ્યક્તિના જીવનની નિયમિતતા જીવનમાં સહજતા લાવે છે. નિયમિતતાને વધારે પડતું વળગી રહેવું અને વારંવાર છેડેચોક નિયમિતતાનો ભંગ, બંને પ્રકારનું વલણ જીવનના લય ને તોડી શકે છે. વહેલી સવારે જાગવાથી માંડીને રાત્રે સુવા સુધીના પ્રકૃતિક નિયમોનું નિયમિત રીતે પાલન કરવાથી જીવનના લય ને જાળવી શકાય છે.

વ્યક્તિ કોઈ પણ પ્રકારના કાર્યની શરૂઆત કરે, કાર્યનો આરંભ થાય પછી એ કાર્યને પૂર્ણ થવા માટે નિશ્ચિત કાર્યકાળ જરૂરી છે. વ્યકિત જ્યારે સમયના નિયમોને તોડીને વધારે પડતી ઉતાવળ કરીને કાર્યને ઝડપથી પૂર્ણ કરવા માટે વલખાં મારે છે ત્યારે જીવનનો લય તૂટે છે. સ્ત્રી ગર્ભ ધારણ કરે પછી પ્રકૃતિના નિયમ પ્રમાણે બાળકને જન્મ લેવા અતે નવ મહિનાનો નિશ્ચિત સમય અનિવાર્ય છે પણ દર્દ સહન ના કરી શકવાને કારણે અથવા ધીરજ ધરવાની શક્તિના અભાવે ઉતાવળ કરીને સિઝેરીયન દ્વારા બાળકને જન્મ અપાય છે ત્યારે માતાના જીવનનો લય તો તૂટે છે સાથે સાથે નવજાત શિશુના જીવનનો પણ લય તૂટે છે. આ પ્રકારે એકવાર જીવનનો લય ખોરવાય પછી સહજતા પ્રાપ્ત કરવી કઠિન બની જાય છે.

દરેક વ્યક્તિને પોતાના જીવનની કેટલીક મહત્વકાંક્ષાઓ હોય છે. એ મહત્વકાંક્ષાઓ પૂરી કરવા માટે યોગ્ય પુરુષાર્થ પણ જરૂરી છે. જીવનમાં મહત્વાકાંક્ષાઓ હોવી પણ જરૂરી છે. વ્યક્તિ પોતાની કુશળતા, જ્ઞાન, પ્રાપ્ય સાધનો, અને ક્ષમતા મુજબ વાજબી રીતે પોતાની મહત્વકાંક્ષાઓ રાખે તો સહજ પુરુષાર્થ દ્વારા એ પોતાની મહત્વકાંક્ષાઓ સહજ રીતે પૂરી કરી શકે છે. વ્યક્તિ જ્યારે ક્યારેય પૂરી થઈ ના શકે એવી વધારે પડતી મહત્વકાંક્ષાઓ રાખે છે ત્યારે જીવનનો લય ખોરવાય છે અને સહજ રીતે જીવાતું જીવન અસહજ બની જાય છે.

જીવનમાં જરૂરી આરામ અને સહજ શોખ જીવનને સરળ અને સ્વાસ્થ્યભર્યું રાખે છે અને સહજ જીવન માટે એ બધુ જરૂરી પણ છે. જીવન જ્યારે જ્યારે વધુ પડતું એશઆરામી અને પ્રમાદી બની જાય છે ત્યારે સહજ જીવનનો લય ખોરવાઈ જાય છે.

એવી જ રીતે બધા જ પ્રકારની જડતા પણ જીવનના લયને તોડીફોડી નાખે છે. વ્રતોને વળગી રહેવાની જડતા, સિધ્ધાંતો અને નિયમોમાં ક્યારેય બાંધછોડ ના કરવાની જડતા, આકરા સંયમ પાળવાની જડતા, વગેરે જીવનની લયબધ્ધ ચાલતી નૌકાને ડોલાવી દઈને તેનો લય ખોરવી શકે છે. વ્રતો, નિયમો, સિધ્ધાંતો અને સંયમ જીવનમાં જરૂરી છે પણ તેને સહજ રીતે પાળીએ તો જ જીવનનો લય જળવાઈ રહે છે.

(ક્રમશઃ)